<table>
<tr><td colspan="2">નામદાર જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ સમક્ષ,<br>પોરબંદર.</td></tr>
<tr><td>ફોજદારી કેસ નંબર :–</td><td>1862-2026</td></tr>
<tr><td>આરોપીઓનું નામ :–</td><td>(૧) ગીરીશ દીનેશભાઇ બાલસ<br>(૨) રામા હીરાભાઇ સીંધલ</td></tr>
<tr><td colspan="2">ગુનો :– પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબ..</td></tr>
</table>

**આંક.૦૧ લગત હુકમ :–**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપીઓ વિરૂદ્ધ **પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧** મુજબનો ગુન્હો નોંધેલ છે. આ કામમાં આરોપીઓ હાજર થતા આ કામના આરોપીઓ સામે તહોમતનામું ફરમાવી, આરોપીઓની પ્લી લેતા આરોપીઓએ તેની સામેના ગુનાનો સ્વીકાર કરેલ છે અને કબુલાત પુરશીશ રજુ રાખેલ છે.

**૨.** આ કામે આરોપીઓની કબુલાત પુરશીશ વંચાણે લેતાં, આરોપીઓ ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને તેમની આર્થીક પરિસ્થિતી નબળી છે. આરોપીઓ સામે સામાન્ય ગુન્હાનો આક્ષેપ છે એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને કુટુંબની જવાબદારી તેમની ઉપર છે તેવી હકીકત જણાવીને તેમને ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે. આમ, આરોપીઓ તેની સામેના ગુન્હાનો સ્વૈચ્છિક સ્વીકાર કરે છે જેથી આરોપીઓ સામેનો ગુન્હો હું સાબિત માનુ છું. આ કામમાં આરોપીઓની કબુલાત પુરશીશમાં જણાવેલ રજુઆતો ધ્યાને લેતાં તથા GLR 2005(1) Page No.709 પર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઇકોર્ટના ગુજરાત રાજય વિરૂદ્ધ નટવર હરચંદજીના કેસમાં આપેલ સમજુતી મુજબ, આરોપીઓને કાયદામાં જણાવેલી સજા કરતાં ઓછામાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ

અદાલતનું માનવું છે અને તે સંજોગોમાં આરોપીઓને કાયદામાં નિર્દીષ્ટ સજા કરતાં ઓછી સજા કરવા માટેના પુરતા કારણો જણાતા હોય, સદરહુ ગુન્હામાં આરોપીઓને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧.** આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૬૪ મુજબ તેમની સામે આક્ષેપીત **પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૫(એ)(એ), ૧૧૬ બી, ૮૧** મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને **રૂા.૨૦૦ × ૨ = રૂા.૪૦૦ (અંકે રૂપીયા ચારસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીઓ દંડ ભરવામાં કસુર કરે તો તેમને **દિન–૦૩ (ત્રણ)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ આજરોજ તા.૧૧ મી, માહે – જુલાઇ, સને – ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ–૧૧/૦૭/૨૦૨૬**
**પોરબંદર**
**સ્પેશ્યલ સીટીંગ**

**(કુ. સબા સૈયદ)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**પોરબંદર**
**(GJ ૦૧૫૭૮)**